SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 76. મેવાસ પંથકનાં લગ્નગીતો

*જેતસીભાઈ છગનભાઈ રાઠોડ*

## પ્રસ્તાવના:

આપણી ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારોની વાત કરવામાં આવે છે. આ સંસ્કારો જન્મથી મૃત્યુ પર્યંત આપણા જીવનમાં વણાયેલા છે. તેમાંનો એક સંસ્કાર એ લગ્ન સંસ્કાર છે. ભારતભરમાં લગ્નને એક ઉત્સવ તરીકે પોતાના કુટુંબના લોકો મનાવે છે. દરેક જગ્યાએ લગ્નના રીતરિવાજો અલગ અલગ હોય છે. તેમાં ગવાતાં ગીતો પણ અલગ અલગ હોય છે. દરેક પંથક(વિસ્તાર)ને પોતાની અલગ ઓળખ હોય છે. જેમ કે હિન્દવાણી પંથક, વાવેચી પંથક, થરાદરી પંથક, વઢીયાર પંથક, મેવાસ પંથક વગેરે. આજે આપણે મેવાસ પંથકના લગ્નગીતો વિશે વાત કરીશું.

## મેવાસ પંથકનાં લગ્નગીતો:

મેવાસ પંથકમાં ભાભર જુનાનાં ૧૨ ગામ, ભાભર નવાનાં ૧૨ ગામ, બલોધણનાં ૧૪ ગામ, તેરવાડાનાં થોડાક ગામો, દિયોદરનાં થોડોક ગામોનો સમાવેશ થાય છે. આ ગામોમાં વસતા લોકોને મેવાસી તરીકે ઓળખવામાં આવે છે. મેવાસ પંથકનાં લગ્નોમાં ગવાતાં ગીતોને મેવાસ પંથકનાં લગ્નગીતો તરીકે ઓળખવામાં આવે છે. લગ્નગીતો નીચે પ્રકારે ગવાતાં હોય છે.

- લગ્ન લખતી વેળાનાં ગીતો
- લગ્ન વધાવતી વેળાનાં ગીતો
- ગણેશ સ્થાપનાનાં ગીતો
- પીઠી ચોળતી વેળાનાં ગીતો
- પોહલી ભરતી વેળાનાં ગીતો
- વાનોળાનાં ગીતો
- રમતી વેળા ગવાતાં ગીતો
- મામેરું ભરાતી વેળા ગવાતાં ગીતો
- જાન ચડતી વેળાનાં ગીતો
- જાન ઉતારે હોય ત્યારે ગવાતાં ગીતો
- જાન તોરણે થાય ત્યારે ગવાતાં ગીતો
- માંડવામાં ગવાતાં ગીતો
- જાન જમતી વેળા ગવાતાં ગીતો
- કન્યા વિદાયનાં ગીતો
- જાન પરણીને ઘરે આવે ત્યારે ગવાતાં ગીતો

આપણે મેવાસ પંથકનાં આ લગ્નગીતો વિશે વિસ્તારથી જાણીએ.

## લગ્ન લખતી વેળાનાં ગીતો:

કન્યા પક્ષેથી લગ્ન લખવામાં આવે છે ત્યારે કન્યા પક્ષમાં લગ્ન લખતી વેળા સ્રીઓ ગીતો ગાય છે.

**વાડચીમાં કંકુ લઇ લઇ અડવાળો,**
**કે નરબતાબેનનાં લગન લખાવો.**

## લગ્ન વધાવતી વેળાના ગીતો:

કન્યા પક્ષે લગ્ન લખાય છે. લગ્ન લખાયા પછી પુરુષો લગ્ન લઈને વર પક્ષે જાય છે. આવેલ લગ્નને વધાવતાં વર પક્ષની સ્ત્રીઓ ગીતો ગાય છે.

**વાડચીમાં કંકુ લઇ લઇ અડવાળો,**
**કે નરેશભઈનાં લગન લખાવો.**

## ગણેશ સ્થાપનાનાં ગીતો:

કન્યા પક્ષે અને વર પક્ષે ગણેશનું સ્થાપન કરવામાં આવે છે ત્યારે બંને પક્ષે  સ્ત્રીઓ ગીતો ગાય છે.

**ગણેશરાજા બેઠા સે પાટે**
**નાળીયેરની સંગે સડે ને સંગે ઉતરે**
**કોટમાં સે ફૂલડાંની માળા સંગે સડે ને સંગે ઉતરે**

## પીઠીનાં ગીતો:

લગ્ન લખાયા કે વધાવ્યા પછી વર પક્ષે વરને અને કન્યા પક્ષે કન્યાને પીઠી ચોળવામાં આવે છે. અત્યારના સમયમાં તૈયાર પીઠી મળી જાય છે. વર અને કન્યાને બંને પક્ષે સ્ત્રીઓ પીઠી ચોળે છે કન્યાની માતા, ભાભી, કાચી વગેરે તેવી જ રીતે વરની માતા, ભાભી, કાચી વગેરે પીઠી ઘસે છે. તે સમયે સ્ત્રીઓ ગીતો ગાય છે.

**ઘવા હવા મગાની પીઠડી સોળો મારા વિજયેશભાઈને પીઠડી,**
**સોળો તો બાપાજી તેમના જોઈ વળ્યા, તેમનો દિકરો પરણે રંગ હોય.**

## પોહલીના ગીતો:

લગ્નના દરેક કાર્યોમાં પોહલી ભરવામાં આવે છે. સામાન્ય રીતે હાથની હથેળીઓ જોડાજોડ ગોઠવાય છે. જેમાં ચોખા ઘઉં વગેરે અનાજ, નારિયેળ અને પૈસા મૂકવામાં આવે છે. અને પછી સ્રીઓ ગીતો ગાય છે.

**જારે બાજરીયે હાસીડો પુરાવો**
**ચોખેચોખલીયે પોહલી ભરાવો.**
**તમે ઘણું જીવજો વિજયેશભઈની માતા.**
**હૈયા માયલી હરખુ મોભીને પુરાવજો.**

## વાનોળાનાં ગીતો:

લગ્ન પ્રસંગનો સમયગાળો પાંચ દિવસ કે તેથી વધુ દિવસ હોય છે. તે સમયે વર અને કન્યાને ત્યાં બે સમયના ભોજન માટે નજીકના સગા સંબંધીઓ આમંત્રણ આપે છે. તે ત્યાં જાય છે ભોજન કરે છે. પછી પોહલી ભરાવવામાં આવે છે આને વાનોળા તરીકે ઓળખવામાં આવે છે.

**ઘુઘરિયાળો ઢોલે વગડાવો... ઢોલે વગડાવો...**
**વાનોળો ઘરે લાવજો.**

## રમતી વેળાનાં ગીતો:

લગ્ન પ્રસંગનો સમયગાળો પાંચ દિવસ કે તેથી વધુ દિવસ હોય છે. તે સમયે દરરોજ સ્ત્રીઓ ઢોલ પર રમે છે. બંને પક્ષે રમતાં હોય છે. રમતાં રમતાં સ્ત્રીઓ ગીતો ગાતાં હોય છે. આ રમત ગોળ ગોળ રમવામાં આવે છે. જેમાં સૌથી આગળના બેન ગીત ગાય છે ને તેની પાછળ પાછળ બાકીની બહેનો તે ગીતને સમૂહમાં ગાય છે.

**આઈ આઈ ઝાલાવાડી જાન્યુ પીયર મારું મેવાસી,**
**કે તમે વઢીયારી ના વૉરો પીયર મારું મેવાસી.**
**વઢીયારી વાઢેલો  પીયર મારું મેવાસી.**

## મામેરું ભરાતી વેળાના ગીતો:

વર પક્ષે અને કન્યા પક્ષે તેના મોસાળમાંથી મામાઓ મામેરું લઈને આવે છે. મામેરામાં બહેનના પરિવાર માટે કપડાં, બહેન અને બનેવી માટે સોના ચાંદીના દાગીના, ઘરવખરીનાં સાધનો વગેરે આપે છે. મામેરું આવે ત્યારથી લઈ ને વધાવતી વખતે ગીતો ગવાય છે.

**હે... વીરડા આંગણિયે... રોપાવો લીલી લેબડી,**
**હે... બેન તો થંભલીયે સડે ને કેવડે ઉતરે,**
**હે... બેન તો જોવે માડીના જાયાની વાટ્યુ મામેરું ચ્યારે આવે.**

જ્યારે બહેન મામેરું વધાવવાનો સમય આવે ત્યારે આ ગીત ગવાય છે.

**ચ્યા જ્યાં રે માર સવી બેનડી વીરા આંગણ આયા રે,**
**કે ઘડીવાર ઊભલા રેજો વીરા ચોખલિયે વધાવું રે.**

## જાન ચડતી વેળાનાં ગીતો:

જાન ચડતી હોય ત્યારે જાનમાં લઈ જવા માટે સગાસબંધીઓને જાણ કરવી અને જતી વેળાએ યાદ કરીને તૈયાર થવા કહેવું. વરરાજાને તૈયાર કરવા તે વખતે સ્રીઓ ગીતો ગાય છે.

**વરને જાઉં લાડકડીના દેશ**
**વર તો હરે ફરેને બાપાને રીઝવે,**
**વરને દા'ડો થોડો ને જાઉં હાહરે**
**કે વર તો હરે ફરે ને કુટુંબને રીઝવે.**

## જાન ઉતારે હોય ત્યારે ગવાતાં ગીતો:

વર પક્ષ જાન લઈને કન્યાને ગામ પહોંચે છે. ત્યારે કન્યા પક્ષ દ્વારા જાનને રહેવા માટે ઉતારો આપવામાં આવે છે. આ ઉતારે વરને જોવા કન્યાપક્ષની બહેનો આવે છે. વર દેખાવમાં કેવો એને લઈ ગીતોમાં મજાક મશ્કરી કરે છે.

**લીલી પીળી લાઈટ કરો લાડો મારે જોવો સે,**
**કાળો સે કે ધોળો સે પણ લાડડો મારે જોવો સે.**

## જાન તોરણે થાય તે વેળાના ગીતો :

જાન માંડવે જવા માટે તોરણે થાય છે. ત્યારે વરની મજાક મશ્કરી સાથે કન્યા પક્ષની સ્રીઓ ગીતો ગાય છે. વરને પોંખવા આવનાર કન્યા પક્ષની સ્રીઓ વરનું નાક પણ ખેંચતા જોવા મળે છે.

**ચ્યાંથી આયો રે ચ્યાંથી આયો રે,**
**ઓલ્યા કલાડીના કાના જેવો ચ્યાંથી આયો રે.**
**ડોળા ડફાવે ડોળા ડફાવે**
**પેલો ભાદરવાની ભેસ જેવો ડોળા ડફાવે.**

## માંડવાના ગીતો:

વર માંડવામાં આવે પછી હસ્તમેળાપ, સાત ફેરા વગેરે જેવી વિધિઓ થાય છે. ત્યારે કન્યા પક્ષ અને વર પક્ષની સ્રીઓ આમનેસામને ગીતો ગાય છે. વર પક્ષના બહેનો વરને ઉદ્દેશીને ગાય છે.

**જોડે ના બેસીયે વીરા જોડે ના બેસીયે**
**ઈ સે નાનાંનાં સોરુ આપણ મોટાનાં સોરુ**
**જોડે ના બેસીયે.**

વર કન્યા ફેરા ફરતાં હોય ત્યારે વરની મજાક મશ્કરી કરતાં કન્યા પક્ષની સ્રીઓ ગીતો ગાય છે.

**હળવે હેડ લાડા કાકરીના કૂચે,**
**તારો બાપ ઘોડો થાસે કાકરીના કૂચે.**

## જાન જમતી વેળાનાં ગીતો:

ભોજનનો સમય થાય ત્યારે જાનને જમવા બોલાવવામાં આવે છે. જાન જમતી હોય ત્યારે કન્યા પક્ષની સ્ત્રીઓ જાનૈયાઓને તેમના નામ સાથે તેમને સહન શક્તિને તપાસતાં ગીતો ગાય છે. જેમાં અપશબ્દો, મજાક મશ્કરી ભરપૂર હોય છે. ક્યારેક જાનૈયાઓની જમવાની મજા મરી જાય છે.

**મારા ઢેગલડે રાધી મસુરની દાળ,**
**મનોજ વેવઈને ભાવે મસુરની દાળ.**
**વેવઈ ભરવી એટલી ભરજે તારા સેડે બાંધી જાજે**
**તારા સેડે કાળી કંઢી તારા મા બુન વંઢી**
**ભઈના સાળા મસુર મીઠી દાળ.**

## કન્યા વિદાયનાં ગીતો:

કન્યા વિદાય સમયે કન્યાને વર સાથે મુકવા વસ્ત્રો પહેરાવી તૈયાર કરવી ત્યારથી લઈને કન્યાને વિદાય આપે ત્યાં સુધી આ ગીતો ગવાય છે. જેમાં કન્યાના બાપા, મા, ભાઈ, બહેન, મામા-મામી, કાકા-કાકી, દાદા-દાદી વગેરે ને ઉદ્દેશીને કન્યા કહે તે રીતે કન્યા પક્ષની સ્ત્રીઓ ગાય છે.

**હસતી મારી બેની આજે મસ્ત રેવાનું,**
**બાપાજીના બંગલા બેની સોડી દેવાના**
**સસરાજીના ઝુંપડા બેની પકડી લેવાનાં.**

## જાન પરણીને ઘરે આવે ત્યારે ગવાતાં ગીતો:

જાન પરણીને ઘરે આવે છે ત્યારે વર પોતાના બાપાને કહેતા હોય તે રીતે સ્ત્રીઓ ગીતો ગાય છે.

**બાપા હો બાપા હુ પરણીને આયો**
**પરણીને આયો લંકાની લાડી લાયો**
**હું ચડે ઘોડે આયો**
**બાપા હો બાપા હુ પરણીને આયો**

## ઉપસંહાર:

મેવાસ પંથકમાં લગ્ન સમયે પંદર કાર્યોમાં ગીતો ગવાય છે. જે લગ્નગીતોમાં આનંદ ઉલ્લાસ, મજાક મશ્કરી, શિખામણ વગેરે જોવા મળે છે. મેવાસ પંથકમાં પોતાની બોલીમાં લગ્નગીતો ગવાય છે. એ એની મજા છે. આપણા સમગ્ર જીવન દરમ્યાન લગ્નના સંસ્કારને બહું જ મહત્વ સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રસંગને સહુ સાથે મળીને માણે છે. મેવાસ પંથકનાં લગ્નગીતો આગવી ઓળખ ઊભી કરે છે.

## સંદર્ભ ગ્રંથ:

(૧) ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય, સંપાદક : અમૃત પટેલ, સહસંપાદક : સંગીતા પટેલ

## માહિતીદાતા:

(૧) પુષ્પાબેન દલાભાઈ રાઠોડ, ગામ: ચલાદર
(૨) સવીતાબેન પાલાભાઈ રાઠોડ, ગામ: ચલાદર